# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

મંડળની જાહેરાત ક્રમાંકઃ ૯૧/૨૦૧૬૧૭, આસીસ્ટન્ટ બાઇન્ડર, વર્ગ-૩ સંવર્ગની તા. ૧૭/૦૬/૨૦૧૭ ના રોજ મંડળ દ્વારા યોજવામાં આવેલ ઓન-લઅઇન સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં પુછાયેલ પ્રશ્નોના સાચા જવાબોની પ્રોવિઝનલ આન્સર કી તા. ૨૦/૦૬/૨૦૧૭ ના રોજ પ્રસિદ્ધ કરી તે **અન્વયે** ઉકત પરીક્ષાના ઉમેદવારો તરફથી કોઇ રજુઆત હોય તો તે તા. ૦૧/૦૭/૨૦૧૭ ના રોજ બપોરના ૧૭-૦૦ કલાક સુધીમાં મંડળને જરૂરી આધારો સહિત રજુ કરવા જણાવવામાં આવેલ હતું. જે અન્વયે ઉમેદવારો તરફથી મંડળને છેલ્લી તારીખ સુધીમાં કોઇ રજુઆતો મળેલ નથી. તેથી ઉકત પ્રોવિઝનલ આન્સર કી ને જરૂરી કાર્યવાહીને અંતે ફાઇનલ આન્સર- કી તરીકે આથી જાહેર કરવામાં આવે છે. અને તે આખરી કરેલ આન્સર કી મુજબ હવે મંડળ દ્વારા પ્રથમ તબક્કાની ઓન-લાઇન સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં ઉમેદવારોએ મેળવેલ ગુણના મેરીટસ આધારે કેટેગરીવાઇઝ જગ્યાના પ્રમાણમાં બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રફિસીયન્સી ટેસ્ટ માટે કવોલીફાય ગણવાપાત્ર ઉમેદવારોની યાદી તૈયાર કરીને પ્રસિધ્ધ કરવામાં આવશે. જેની સંબંધિત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવી.

| Que No. | Option & Answer (With Options) | Correct Answer |
|---|---|---|
| 1 | નીચેનામાંથી કયું લુઝ લીફ બાઈન્ડીંગ નથી ?<br>(A) એડહેસીવ બાઈન્ડીંગ<br>(B) મિકેનીકલ બાઈન્ડીંગ<br>(C) રીંગ બાઈન્ડીંગ<br>(D) સ્પાયરલ બાઈન્ડીંગ | **(A)** એડહેસીવ બાઈન્ડીંગ |
| 2 | સેન્ટર સ્ટીચીંગનું બીજું નામ કયું ?<br>(A) સ્ટેબીંગ<br>(B) સાઈડ સ્ટીચીંગ<br>(C) સેડલ સ્ટીચીંગ<br>(D) ઉપરોક્ત તમામ | **(C )** સેડલ સ્ટીચીંગ |
| 3 | ગરીબી એ આપણા સમાજ માટે અભિશાપ છે. વિશ્વસ્તરે ગરીબી નાબુદી માટેના અનેકવિધ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ગરીબી નિવારણ દિવસ કઇ તારીખે મનાવવામાં આવે છે ?<br>(A) 22 સપ્ટેમ્બર<br>(B) 17 નવેમ્બર<br>(C) 17 ઓક્ટોબર<br>(D) 22 ડિસેમ્બર | **(C)** 17 ઓક્ટોબર |
| 4 | પુસ્તક જે બાજુથી ખૂલે તે બાજુ .................. નામે ઓળખાય છે.<br>(A) મથાળુ<br>(B) ટેઇલ<br>(C) પીઠ<br>(D) ફોર એજ | **(D)** ફોર એજ |
| 5 | સાચી જોડણી શોધો.<br>(A) કારકિર્દી<br>(B) કારકિર્દિ<br>(C) કારકીર્દિ<br>(D) કારકીર્દી | **(A)** કારકિર્દી |

| | | |
|---|---|---|
| 6 | કટીંગ પ્રક્રિયા દરમ્યાન કટીંગ મશીનનો કયો ભાગ પેપરને જકડી રાખે છે ?<br>(A) પ્રેશર ગેજ<br>(B) પીકીંગ ગેજ<br>(C) વેક્યુમ પધ્ધતિ<br>(D) ગ્રીપર | **(A)** પ્રેશર ગેજ |
| 7 | હાથ બનાવટના કાગળનો ગુણધર્મ કયો ?<br>(A) જાડા અને ખરબચડા<br>(B) સહેલાઈથી ફાટી શકે તેવા<br>(C) સહેલાઈથી વાળી શકાય તેવા<br>(D) સહેલાઈથી સળગી ઉઠે તેવા | **(A)** જાડા અને ખરબચડા |
| 8 | સ્વામી વિવેકાનંદ શિકાગો પરિષદમાં આપવાના વ્યાખ્યાન અંગે ગુજરાતના કયા વિદ્વાનનું માર્ગદર્શન લેવા આવ્યા હતા ?<br>(A) નવલરામ<br>(B) ગોવર્ધનરામ ત્રિપાઠી<br>(C) મણિભાઈ નભુભાઈ ત્રિવેદી<br>(D) રમણલાલ નીલકંઠ | **(C)** મણિભાઈ નભુભાઈ ત્રિવેદી |
| 9 | એક રકમનું બે વર્ષનું સાદુ વ્યાજ રૂ. **500** અને ચક્રવૃદ્ધિ વ્યાજ રૂ. **530** થતું હોય, તો વ્યાજનો દર ................... % હોય.<br>(A) **6**<br>(B) **10**<br>(C) **12**<br>(D) **30** | **(C)** 12 |
| 10 | **5%** પાણી ધાવતાં ઈથેનોલના દ્રાવણને શું કહે છે ?<br>(A) બિયર<br>(B) વાર્નિસ<br>(C) રેક્ટિફાઇડ સ્પિરિટ<br>(D) અત્તર | **(C)** રેક્ટિફાઇડ સ્પિરિટ |
| 11 | પેપરની ક્વાર્ટો સાઇઝ એટલે ........................ .<br>(A) ચાર ભાગ જુદા જુદા માપના<br>(B) ચાર ભાગ સરખા માપના<br>(C) પેપરનું બમણું માપ<br>(D) આઠ ભાગ સરખા માપના | **(B)** ચાર ભાગ સરખા માપના |
| 12 | એન્વેલપ બનાવવા કયો પેપર વપરાય છે ?<br>(A) મનીલા પેપર<br>(B) ટીસ્યુ પેપર<br>(C) ક્રાફ્ટ પેપર<br>(D) આર્ટ પેપર | **(C)** ક્રાફ્ટ પેપર |
| 13 | 'નિષ્કામ' શબ્દની સંધિ છૂટી પાડો.<br>(A) નિસ્ + કામ<br>(B) નિષ્ + કામ<br>(C) નિસ + કામ<br>(D) નિષ + કામ | **(A)** નિસ્ + કામ |

| | | | |
|---|---|---|---|
| 14 | સેન્ટર સ્ટીચીંગ ...................... સુધી શક્ય છે.<br>(A) 64 પેજ અથવા 10 મી.મી.<br>(B) 100 પેજ અથવા 14 મી.મી.<br>(C) 130 પેજ અથવા 16 મી.મી.<br>(D) 150 પેજ અથવા 15 મી.મી. | (A) | 64 પેજ અથવા 10 મી.મી. |
| 15 | **Fill in the blank: I bought three ................ Oranges.**<br>(A) **dozen**<br>(B) **dosen**<br>(C) **dozans**<br>(D) **dozenes** | (A) | dozen |
| 16 | થ્રી-નાઇફ કટર દ્વારા આપણે એક સાથે ........................ કાપી શકીએ.<br>(A) આગળની બાજુ<br>(B) નીચેની બાજુ<br>(C) મથાળુ<br>(D) આગળની બાજુ, નીચેની બાજુ અને મથાળુ | (D) | આગળની બાજુ, નીચેની બાજુ અને મથાળુ |
| 17 | બ્રીટીશ સ્ટાન્ડર્ડ પેપરના માપો માટે કયો એકમ વપરાય છે ?<br>(A) સેન્ટીમીટર<br>(B) ઈંચ<br>(C) મીટર<br>(D) એમ | (B) | ઈંચ |
| 18 | જલારામ બાપાનું પ્રસિદ્ધ સ્થાનક વીરપુર કયા જિલ્લામાં આવેલું છે ?<br>(A) જુનાગઢ<br>(B) રાજકોટ<br>(C) ગીર સોમનાથ<br>(D) ભરૂચ | (B) | રાજકોટ |
| 19 | કયું બાઈન્ડીંગ હાર્ડ કેસ બાઈન્ડીંગ નથી ?<br>(A) એડીશન બાઈન્ડીંગ<br>(B) લાઈબ્રેરી બાઈન્ડીંગ<br>(C) લેટરપ્રેસ બાઈન્ડીંગ<br>(D) પરફેક્ટ બાઈન્ડીંગ | (D) | પરફેક્ટ બાઈન્ડીંગ |
| 20 | 'મળે ન મળે' કાવ્યસંગ્રહના કવિ કોણ ?<br>(A) ચિનુ મોદી<br>(B) હર્ષ બ્રહ્મભટ્ટ<br>(C) આદિલ મન્સૂરી<br>(D) કુતુબ આઝાદ | (C ) | આદિલ મન્સૂરી |
| 21 | લેજર પેપર કયા રંગનો હોય છે ?<br>(A) કેસરી<br>(B) આછો લીલો<br>(C) વાદળી<br>(D) સફેદ | (B) | આછો લીલો |

| | | | |
|---|---|---|---|
| 22 | કયા પ્રકારનું બાઈન્ડીંગ મોંઘુ હોય છે ?<br>(A) સ્પાયરલ બાઈન્ડીંગ<br>(B) વાયરો બાઈન્ડીંગ<br>(C) લાઈબ્રેરી બાઈન્ડીંગ<br>(D) સેન્ટર સ્ટીચીંગ | (C) | લાઈબ્રેરી બાઈન્ડીંગ |
| 23 | ધોરી માર્ગ પર સરઘસ કાઢવાનો અધિકાર તે...<br>(A) નાગરિકનો મુળભૂત અધિકાર નથી.<br>(B) વિશેષાધિકાર છે.<br>(C) જન્મસિદ્ધ અધિકાર છે.<br>(D) આપેલ વિકલ્પ પૈકી એકપણ નહીં | (A) | નાગરિકનો મુળભૂત અધિકાર નથી. |
| 24 | બીલ બુક બાઈન્ડીંગ માટે કઇ પ્રક્રિયા જરૂરી છે ?<br>(A) સ્ટીચીંગ<br>(B) પરફોરેટીંગ<br>(C) નંબરીંગ<br>(D) આપેલ તમામ વિકલ્પો જરૂરી છે | (D) | આપેલ તમામ વિકલ્પો જરૂરી છે |
| 25 | આઈ.પી.એલ. ક્રિકેટ ટુર્નામેન્ટ્સ - 2017ની દિલ્હી ડેરડેવીલ્સ ટીમના કેપ્ટનનું નામ જણાવો.<br>(A) ઝાહીર ખાન<br>(B) સ્ટીવ સ્મીથ<br>(C) વિરાટ કોહલી<br>(D) ગ્લેન મેક્સવેલ | (A) | ઝાહીર ખાન |
| 26 | કેલેન્ડરનો નમૂનો છાપવા માટે કઇ સીરીઝના માપનો પેપર અનુકૂળ હશે ?<br>(A) B સીરીઝ<br>(B) C સીરીઝ<br>(C) A સીરીઝ<br>(D) આપેલ વિકલ્પ પૈકી એકપણ નહીં | (B) | C સીરીઝ |
| 27 | સેક્શનનો અર્થ શું થાય ?<br>(A) કાગળની વાળેલી શીટ<br>(B) ચોપડીનું પ્રકરણ<br>(C) આખી ચોપડી<br>(D) અડધી ચોપડી | (A ) | કાગળની વાળેલી શીટ |
| 28 | "પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા" આ કાવ્ય પંક્તિ કયા કવિની છે ?<br>(A) હરીન્દ્ર દવે<br>(B) મકરંદ દવે<br>(C) રાવજી પટેલ<br>(D) સુરેશ દલાલ | (A ) | હરીન્દ્ર દવે |
| 29 | કઈ પ્રોસેસની મદદથી કાગળ સહેલાઈથી ફાડવા માટે ઝીણા કાણાંની લાઈન પેદા કરી શકાય ?<br>(A) ક્રીઝીંગ<br>(B) સ્લીટીંગ<br>(C) પરફોરેટીંગ<br>(D) કટીંગ | (C) | પરફોરેટીંગ |

| | | |
|---|---|---|
| 30 | Make exclamatory sentence: 'It is a great pity.'<br>(A) What a pity !<br>(B) What a great pity is it !<br>(C) How pity is it !<br>(D) How great it is ! | (A) What a pity ! |
| 31 | કટીંગ મશીનની છરી પાસે કઇ સલામતી માટેની વ્યવસ્થા હોય છે ?<br>(A) ગાર્ડ<br>(B) ટ્રીપ યાંત્રિક રચના<br>(C) ટાઈમર<br>(D) લેસર ગન | (B) ટ્રીપ યાંત્રિક રચના |
| 32 | ચાર વખત વાળેલી સીગ્નેચરમાં .................. પેજ હોય છે.<br>(A) 16<br>(B) 32<br>(C) 8<br>(D) 64 | (B) 32 |
| 33 | 73મો બંધારણ સુધારો કેન્દ્રશાસિત પ્રદેશોને લાગુ પાડવા માટે જાહેરનામું કોણ બહાર પાડી શકે ?<br>(A) કેન્દ્રશાસિત પ્રદેશના ઉપરાજ્યપાલ<br>(B) રાષ્ટ્રપતિ<br>(C) સંસદ<br>(D) કેન્દ્રશાસિત પ્રદેશની વિધાનસભા | (B) રાષ્ટ્રપતિ |
| 34 | ડમી બનાવવાનો હેતુ શું છે ?<br>(A) જોબની મંજૂરી માટે<br>(B) પુસ્તકનો આખરી દેખાવ ચકાસવા માટે<br>(C) માર્ગદર્શન<br>(D) બાઈન્ડીંગ | (B) પુસ્તકનો આખરી દેખાવ ચકાસવા માટે |
| 35 | 'કરત' શબ્દનું શિષ્ટરૂપ શોધીને લખો.<br>(A) કૃત્ય<br>(B) કરવું<br>(C) કહેવું<br>(D) કહેવડાવવું | (A) કૃત્ય |
| 36 | સેક્શનને ચોક્કસ ક્રમમાં ગોઠવવાની પ્રક્રિયા એટલે ............................ .<br>(A) ગેધરીંગ<br>(B) સીક્વોરીંગ<br>(C) બાઈન્ડીંગ<br>(D) ફોલ્ડીંગ | (A) ગેધરીંગ |
| 37 | ટ્રીમીંગ કરવાનો હેતુ શું છે ?<br>(A) કાગળ કાપવા<br>(B) સીગ્નેચર કાપવા<br>(C) ધારો ફિનીશ કરવા<br>(D) શીટના ભાગ કરવા | (C) ધારો ફિનીશ કરવા |

| | | |
|---|---|---|
| 38 | વેબપેજને રિફ્રેશ કરવા માટે કઇ ફંકશન કીનો ઉપયોગ કરવામાં આવે છે ?<br>(A) **F3**<br>(B) **F5**<br>(C) **F7**<br>(D) **F9** | **(B)** F5 |
| 39 | પરફેક્ટ બાઈન્ડીંગ સાથે કઇ વિગત સંબંધ ધરાવતી નથી ?<br>(A) ક્લેમ્પનું દબાણ<br>(B) હોટ મેલ્ટ ઉષ્ણતામાન<br>(C) સ્પાઈન પર ખાંચા<br>(D) નીપીંગ | **(D)** નીપીંગ |
| 40 | **ABCD માં (A → Z = 1→ 26) પ્રમાણે જોતાં K = A, Q = G, U = B હોય તો S = ........................**<br>(A) **X**<br>(B) **I**<br>(C) **K**<br>(D) **C** | **(B)** I |
| 41 | બાઈન્ડીંગમાં ચામડા ઉપર કઇ પ્રક્રિયાનો સમાવેશ થાય છે ?<br>(A) ટેનીંગ<br>(B) બ્રાઉનીંગ<br>(C) બ્લેકનીંગ<br>(D) વ્હાઈટનીંગ | **(A)** ટેનીંગ |
| 42 | લેધર બાઈન્ડીંગ માટે કયું બોર્ડ અનુકૂળ છે ?<br>(A) મીલ બોર્ડ<br>(B) ચીપ બોર્ડ<br>(C) સ્ટ્રો બોર્ડ<br>(D) ડુપ્લેક્ષ બોર્ડ | **(A)** મીલ બોર્ડ |
| 43 | 'દ્વિરેક' ના મતે પુરુષોને કોણે અન્યાય કર્યો છે ?<br>(A) સ્ત્રી સમાજે<br>(B) ઉપનિષદોએ<br>(C) ધર્મશાસ્ત્રોએ<br>(D) રસશાસ્ત્રોએ | **(D)** રસશાસ્ત્રોએ |
| 44 | મશીન સિલાઈ માટે કયા નંબરનો દોરો વપરાય છે ?<br>(A) **2**<br>(B) **10**<br>(C) **20**<br>(D) **24** | **(D)** 24 |
| 45 | **Give plural form of: 'mouse'**<br>(A) **mouses**<br>(B) **mice**<br>(C) **mousis**<br>(D) **mices** | **(B)** mice |

| | | |
|---|---|---|
| 46 | ચોપડીને ટ્રીમ કરવા માટે કયો ક્રમ સાચો છે ?<br>(A) હેડ, ટેઈલ, બેક<br>(B) ટેઈલ, હેડ, બેક<br>(C) ફોર એજ, ટેઈલ, હેડ<br>(D) હેડ, ટેઈલ, ફોર એજ | **(C)** ફોર એજ, ટેઈલ, હેડ |
| 47 | કયું ફોલ્ડીંગ હાથથી થતું નથી ?<br>(A) ફોલ્ડીંગ ટુ પેપર<br>(B) ફોલ્ડીંગ ટુ પ્રિન્ટ<br>(C) લમ્પ ફોલ્ડીંગ<br>(D) બકલ ફોલ્ડીંગ | **(D)** બકલ ફોલ્ડીંગ |
| 48 | તાજેતરમાં પંજાબ રાજ્યમાં કુલ કેટલી વિધાનસભાની બેઠકો માટેની ચૂંટણી યોજવામાં આવી ?<br>(A) **123**<br>(B) **119**<br>(C) **128**<br>(D) **117** | **(D)** 117 |
| 49 | ફોલ્ડીંગ ટુ ક્વાર્ટોનો અર્થ શું થાય ?<br>(A) એક ફોલ્ડ<br>(B) બે ફોલ્ડ<br>(C) ત્રણ ફોલ્ડ<br>(D) ઘણા વધારે ફોલ્ડ | **(B)** બે ફોલ્ડ |
| 50 | 'યુદ્ધસ્થ વિગતજ્વર' સંસ્કૃત શબ્દનો અર્થ શું થાય છે ?<br>(A) યુદ્ધ કર, જડ બન<br>(B) યુદ્ધો કરવાના છોડી દે<br>(C) જડતા છોડીને યુદ્ધ કરીશ નહીં<br>(D) જડતા છોડીને યુદ્ધ કર | **(D)** જડતા છોડીને યુદ્ધ કર |
| 51 | સામાન્ય રીતે સ્ટીચીંગ વાયર કયા ગેજમાં ઉપલબ્ધ છે ?<br>(A) **16-30**<br>(B) **30-38**<br>(C) **38-45**<br>(D) **45-50** | **(A)** 16-30 |
| 52 | કયો દોરો વધુ મજબૂત હોય છે ?<br>(A) કોટન<br>(B) લીનન<br>(C) સીન્થેટીક<br>(D) ઉપરોક્ત તમામ | **(C)** સીન્થેટીક |
| 53 | ગુજરાત રાજ્યના દાહોદ જિલ્લાને નીચે દર્શાવેલ જિલ્લાઓ પૈકી કયા જિલ્લાની હદ સ્પર્શતી નથી ?<br>(A) છોટા ઉદેપુર<br>(B) વડોદરા<br>(C) મહીસાગર<br>(D) પંચમહાલ | **(B)** વડોદરા |

| | | | |
|---|---|---|---|
| 54 | પેસ્ટને લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે શું ઉમેરવામાં આવે છે ?<br>(A) મોરથુથુ<br>(B) લાખ<br>(C) પીવીએ<br>(D) એમોનિયમ હાઇડ્રોક્સાઇડ | **(A)** | મોરથુથુ |
| 55 | ભારતમાં 'ચિપકો' ચળવળ કયા ઉદ્દેશ્યથી ચલાવાઈ હતી ?<br>(A) વસ્તિ વધારા અને પાણીના બગાડ પર નિયંત્રણ<br>(B) ખેત ઉત્પાદન વધારવા<br>(C) લીલા ઝાડને બચાવવા<br>(D) પ્રદુષણ અટકાવવા | **(C)** | લીલા ઝાડને બચાવવા |
| 56 | એજ ડેકોરેશન માટે કઇ પ્રક્રિયાનો ઉપયોગ થાય છે ?<br>(A) એમ્બોસીંગ<br>(B) સ્ક્રીન પ્રિન્ટીંગ<br>(C) ગોલ્ડ લીફીંગ<br>(D) સ્પ્રિન્કલીંગ | **(D)** | સ્પ્રિન્કલીંગ |
| 57 | GSM નો અર્થ શું થાય ?<br>(A) ગ્રામ / સ્કવેર મીલીમીટર<br>(B) ગ્રામ / સ્કવેર મીટર<br>(C) ગ્રામ / સ્કવેર મલ્ટીમીટર<br>(D) ગ્રામ / સ્કવેર સેન્ટીમીટર | **(B)** | ગ્રામ / સ્કવેર મીટર |
| 58 | 'એક જ પલાઠીએ જે વાંચી શકાય તે ટૂંકી વાર્તા' આ વ્યાખ્યા કોણે આપી ?<br>(A) ધૂમકેતુ<br>(B) બ.ક. ઠાકોર<br>(C) રા.વિ. પાઠક<br>(D) ઉમાશંકર જોષી | **(B)** | બ.ક. ઠાકોર |
| 59 | સામાન્ય વપરાશ માટેની ફાઈલ બનાવવા માટે કયું મટીરીયલ વપરાય ?<br>(A) બોક્ષ બોર્ડ<br>(B) સ્ટ્રો બોર્ડ<br>(C) મીલ બોર્ડ<br>(D) પલ્પ બોર્ડ | **(D)** | પલ્પ બોર્ડ |
| 60 | **Give opposite gender for: 'Ram'**<br>(A) **Ewe**<br>(B) **Laxman**<br>(C) **Ramila**<br>(D) **Goddess** | **(A)** | Ewe |
| 61 | કયા જોબમાં ઈન્ડેક્ષીંગની જરૂર પડે છે ?<br>(A) પુસ્તક<br>(B) મેગેઝીન<br>(C) ટેક્ષ્ટ બુક<br>(D) ટેલીફોન ડાયરી | **(D)** | ટેલીફોન ડાયરી |

| | | | |
|---|---|---|---|
| 62 | એન્ડ પેપરનો હેતુ શું છે ?<br>(A) ચોપડી અને કવર જોડવા<br>(B) સાંધા મજબૂત કરવા<br>(C) દેખાવ સારો કરવા<br>(D) ઉપરોક્ત તમામ | **(D)** | ઉપરોક્ત તમામ |
| 63 | રાજ્યમાં ભૂખમરા અને કુપોષણથી થતા મૃત્યુને રોકવા તેમજ ઘરવિહોણા અને અનાથને વિનામૂલ્યે માસિક ઘઉંનું વિતરણ કરવા કઇ યોજના અમલમાં મૂકેલ છે ?<br>(A) અન્નદાતા<br>(B) અન્નબ્રહ્મ<br>(C) અન્નપૂર્ણા<br>(D) અન્નસેવા | **(B)** | અન્નબ્રહ્મ |
| 64 | સામાન્ય રીતે કેટલી જાડી ચોપડી સાઇડ સ્ટીચ થઇ શકે ?<br>(A) **30** મી.મી.<br>(B) **40** મી.મી.<br>(C) **50** મી.મી.<br>(D) **60** મી.મી. | **(A)** | 30 મી.મી. |
| 65 | ગુજરાતી સાહિત્યમાં ખંડ કાવ્ય - સ્વરૂપના જનક કોણ ગણાય છે ?<br>(A) બ.ક. ઠાકોર<br>(B) ઉમાશંકર જોષી<br>(C) મણિશંકર ભટ્ટ<br>(D) નર્મદ | **(C)** | મણિશંકર ભટ્ટ |
| 66 | એડીશન કેસ બાઈન્ડીંગનું બીજું નામ શું છે ?<br>(A) એડહેસીવ બાઈન્ડીંગ<br>(B) સ્ટીચીંગ<br>(C) પબ્લિકેશન બાઈન્ડીંગ<br>(D) આપેલ તમામ વિકલ્પો | **(C)** | પબ્લિકેશન બાઈન્ડીંગ |
| 67 | મિકેનીકલ બાઈન્ડીંગમાં કઇ પ્રક્રિયા કરવામાં આવતી નથી ?<br>(A) સ્ટીચીંગ<br>(B) સિલાઈ<br>(C) કેસ મેકીંગ<br>(D) આપેલ તમામ વિકલ્પો | **(D)** | આપેલ તમામ વિકલ્પો |
| 68 | જાહેર રસ્તા અને ખુલ્લી જગ્યાઓ ઉપરનાં નડતર અને દબાણો દૂર કરવાની સત્તા કોને છે ?<br>(A) કલેક્ટર<br>(B) ગ્રામ પંચાયત<br>(C) તાલુકા પંચાયત<br>(D) મામલતદાર | **(B)** | ગ્રામ પંચાયત |
| 69 | કયું મટીરીયલ કવરીંગ મટીરીયલ નથી ?<br>(A) વણાટવાળુ કાપડ<br>(B) વણાટ વગરનું કાપડ<br>(C) મેટલ<br>(D) ચામડુ | **(C)** | મેટલ |

| | | | |
|---|---|---|---|
| 70 | 'મારાથી પત્ર લખાય છે.' વાક્યની કર્તરિ વાક્યરચના જણાવો.<br>(A) મારા વડે પત્ર લખાય છે.<br>(B) મેં પત્ર લખાવ્યો હતો.<br>(C) હું પત્ર લખું છું.<br>(D) મેં પત્ર લખ્યો નથી. | **(C)** | હું પત્ર લખું છું. |
| 71 | કઇ કોલેટીંગ પધ્ધતિ ઝડપી છે ?<br>(A) સીગ્નેચર માર્ક<br>(B) કોલેટીંગ માર્ક<br>(C) સીગ્નેચર માર્ક અને કોલેટીંગ માર્ક બન્ને<br>(D) આપેલ વિકલ્પો પૈકી એકપણ નહીં | **(B)** | કોલેટીંગ માર્ક |
| 72 | કયો પ્રકાર સ્ટેશનરી બાઈન્ડીંગ સાથે બંધ બેસતો નથી ?<br>(A) ક્વાર્ટર બાઉન્ડ<br>(B) હાફ બાઉન્ડ<br>(C) થ્રી-હાફ ક્વાર્ટર બાઉન્ડ<br>(D) ફુલ બાઉન્ડ | **(C)** | થ્રી-હાફ ક્વાર્ટર બાઉન્ડ |
| 73 | કઇ જોડી ખોટી છે તે શોધો.<br>(A) કસ્તૂરી - સ્ત્રીલિંગ<br>(B) પૂંજી - પુલ્લિંગ<br>(C) વસાણું - નપુંસકલિંગ<br>(D) ઓવારો - પુલ્લિંગ | **(B)** | પૂંજી - પુલ્લિંગ |
| 74 | મેટ્રીક પેપર સાઇઝની સીરીઝ કઇ નથી ?<br>(A) **D**<br>(B) **B**<br>(C) **A**<br>(D) **C** | **(A)** | D |
| 75 | **Select single word for the following phrase:**<br>**"That which cannot be rubbed off"**<br>(A) **Incredible**<br>(B) **Indelible**<br>(C) **Inedible**<br>(D) **Irrubbable** | **(B)** | Indelible |
| 76 | બુક વર્ક પ્રકારના કામમાં સામાન્ય રીતે કયા પ્રકારનું ફોલ્ડીંગ થાય ?<br>(A) રાઈટ એન્ગલ<br>(B) ક્રોસ<br>(C) પેરેલલ<br>(D) આપેલ તમામ વિકલ્પો | **(D)** | આપેલ તમામ વિકલ્પો |
| 77 | સખત લાકડામાં ફીટ કરેલી તીક્ષ્ણ ધારવાળી બ્લેડ કે જે વિવિધ આકારોમાં બોર્ડ કાપવામાં ઉપયોગમાં લેવાય છે તેને ................. કહે છે.<br>(A) ડાયસ<br>(B) ડાઈ<br>(C) ફ્રોર્મ<br>(D) પંચ | **(B)** | ડાઈ |

| | | | |
|---|---|---|---|
| 78 | 'આખ્યાન' કાવ્યપ્રકાર સાથે કયા કવિનું નામ સંકળાયેલું છે ?<br>(A) પ્રેમાનંદ<br>(B) શામળ<br>(C) અખો<br>(D) દયારામ | **(A)** | પ્રેમાનંદ |
| 79 | એમ્બોસીંગ, ફોઈલીંગ, લેમીનેશન, વાર્નિશીંગ વગેરે પ્રક્રિયાઓ માટે કયું નામ વપરાય છે ?<br>(A) ફોલ્ડીંગ<br>(B) ગેધરીંગ<br>(C) પેકેજીંગ<br>(D) ફીનીશીંગ | **(D)** | ફીનીશીંગ |
| 80 | 'સોરઠ તારા વહેતા પાણી' નવલકથાના લેખક કોણ છે ?<br>(A) ધૂમકેતુ<br>(B) નર્મદ<br>(C) ગાંધીજી<br>(D) ઝવેરચંદ મેઘાણી | **(D)** | ઝવેરચંદ મેઘાણી |
| 81 | સીગ્નેચરને એકની અંદર બીજી મૂકીને ભેગી કરવાની રીતને .................... કહે છે.<br>(A) ટીપીંગ ઈન<br>(B) ટીપીંગ ઓન<br>(C) ઈન્સર્ટીંગ<br>(D) ગાર્ડીંગ | **(C)** | ઈન્સર્ટીંગ |
| 82 | કયા દેશમાં પેપરની શોધ થઇ હતી ?<br>(A) ભારત<br>(B) ચીન<br>(C) અમેરિકા<br>(D) જર્મની | **(B)** | ચીન |
| 83 | જસદણ તાલુકો ગુજરાત રાજ્યના કયા જિલ્લામાં આવેલ છે ?<br>(A) રાજકોટ<br>(B) મહેસાણા<br>(C) નવસારી<br>(D) તાપી | **(A)** | રાજકોટ |
| 84 | સ્ટીચીંગ વાયર ....................... માંથી બનેલો હોય છે.<br>(A) ચાંદી<br>(B) તાંબુ<br>(C) બ્રાસ<br>(D) ગેલ્વેનાઇઝ | **(D)** | ગેલ્વેનાઇઝ |
| 85 | એક વેબસાઇટ પરથી અન્ય વેબસાઇટ પર જવાની પ્રક્રિયાને શું કહે છે ?<br>(A) સર્ફિંગ<br>(B) સર્ચિંગ<br>(C) મૂવીંગ<br>(D) ફાઈન્ડિંગ | **(A)** | સર્ફિંગ |

| | | | |
|---|---|---|---|
| 86 | કઈ સિલાઈમાં ટેપનો ઉપયોગ થાય છે ?<br>(A) સોન-ઇન-સ્યુઇંગ<br>(B) ટેપ સ્યુઇંગ<br>(C) ફ્લેક્ષીબલ સ્યુઇંગ<br>(D) આપેલ તમામ વિકલ્પો | **(B)** | ટેપ સ્યુઇંગ |
| 87 | લેસીંગ-ઇનનો હેતુ ................ છે.<br>(A) શણગારનું<br>(B) મજબૂતાઈ આપવી<br>(C) ધૂળ સામે રક્ષણ<br>(D) સિલાઈ મજબૂત કરવી | **(B)** | મજબૂતાઈ આપવી |
| 88 | આપેલ વિકલ્પોમાંથી સાચા સંયોજકવાળું વાક્ય શોધીને જણાવો.<br>(A) અત્યારે એક પણ પંખી ઉડતું નથી અને ટહુકતું નથી.<br>(B) અત્યારે તો એક પણ પંખી ઉડતું નથી અને ટહુકતું નથી.<br>(C) અત્યારે એક પણ પંખી ઉડતું નથી કે ટહુકતું નથી.<br>(D) અત્યારે એક પંખી ઉડતું નથી એટલે ટહુકતું નથી. | **(C)** | અત્યારે એક પણ પંખી ઉડતું નથી કે ટહુકતું નથી. |
| 89 | પુસ્તકમાં અલગથી ચોંટાડેલ આર્ટ કે ચિત્રોને .................. કહે છે.<br>(A) પ્લેટ<br>(B) ફ્રેમ<br>(C) કોર્ડ<br>(D) ટેપ | **(A)** | પ્લેટ |
| 90 | **1** ઈંચ બરાબર કેટલા સે.મી. થાય ?<br>(A) **2.20** સે.મી.<br>(B) **2.54** સે.મી.<br>(C) **2.10** સે.મી.<br>(D) **2.75** સે.મી. | **(B)** | 2.54 સે.મી. |
| 91 | કયા પ્રકાર વડે બાઈન્ડીંગ કરેલા પુસ્તકો કબાટમાં ગોઠવવા અઘરા પડે છે ?<br>(A) લાઈબ્રેરી<br>(B) સાઇડ સ્ટીચ કરેલા<br>(C) એડહેસીવ બાઈન્ડ કરેલા<br>(D) સ્પાયરલ | **(D)** | સ્પાયરલ |
| 92 | કયા સ્ટીચીંગ વાયરને કાટ લાગતો નથી ?<br>(A) તાંબુ<br>(B) સ્ટીલ<br>(C) બ્રાસ<br>(D) એલ્યુમિનિયમ | **(B)** | સ્ટીલ |
| 93 | કાગળને કઇ દિશાએથી વાળવામાં આવે છે ?<br>(A) ક્રોસ દિશામાં<br>(B) ગ્રેઇનની દિશામાં<br>(C) ક્રોસ અને ગ્રેઇનની દિશામાં<br>(D) આપેલ પૈકી એકપણ દિશામાં નહીં | **(B)** | ગ્રેઇનની દિશામાં |

| | | |
|---|---|---|
| 94 | કબાટમાં પુસ્તકો સંગ્રહ કરવા માટે કયો ગેસ ઉપયોગી છે ?<br>(A) ઓક્સિજન<br>(B) કાર્બન ડાયોક્સાઇડ<br>(C) હીલીયમ<br>(D) હાઈડ્રોજન | **(C)** હીલીયમ |
| 95 | ઉમાશંકર જોશીના 'નિશીથ' કાવ્ય સંગ્રહને કયો એવોર્ડ પ્રાપ્ત થયો હતો ?<br>(A) સાહિત્ય અકાદમી<br>(B) કુમાર ચંદ્રક<br>(C) ભારતીય જ્ઞાનપીઠ<br>(D) અકાદમી એવોર્ડ | **(C)** ભારતીય જ્ઞાનપીઠ |
| 96 | પુસ્તકના છેડા પર ગોલ્ડ લીફ વડે ડેકોરેટ કરવા માટે વપરાતી પોસ્ટ પ્રેસ પદ્ધતિ .................. છે.<br>(A) મારબલીંગ<br>(B) ગીલ્ડીંગ<br>(C) હોટ ફોઈલ સ્ટેમ્પીંગ<br>(D) એમ્બોસીંગ | **(B)** ગીલ્ડીંગ |
| 97 | પુસ્તકના બંધારણને આગળનો ભાગ અંતર્ગોળ અને પીઠ બહિર્ગોળ આકાર આપવા માટે થતી પ્રક્રિયા કઇ ?<br>(A) કટીંગ<br>(B) ફોલ્ડીંગ<br>(C) સિલાઈ<br>(D) રાઉન્ડીંગ | **(D)** રાઉન્ડીંગ |
| 98 | ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ અંદાજપત્ર **2017-18** અન્વયે મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનામાં ઈજનેરી, મેડિકલ, પેરામેડિકલ તથા નર્સિંગ વગેરેમાં વિદ્યાર્થીઓને ફીમાં કેટલા ટકા રાહત આપવાનું ઠરાવવામાં આવ્યું છે ?<br>(A) **40%**<br>(B) **50%**<br>(C) **55%**<br>(D) **35%** | **(B)** 50% |
| 99 | વાળેલી શીટોને સાચા ક્રમમાં ગોઠવીને રાખવાની પ્રક્રિયાને ..................... કહે છે.<br>(A) મેળવણી<br>(B) કોલેટીંગ<br>(C) ઈન્સર્ટીંગ<br>(D) કલેક્ટીંગ | **(B)** કોલેટીંગ |
| 100 | ગુજરાત રાજ્યના ઔદ્યોગિક વિકાસની સાથે કઇ આપત્તિનું જોખમ વધુ હોઇ શકે છે ?<br>(A) ભૂસ્ખલન<br>(B) વાદળ ફાટવું<br>(C) ઔદ્યોગિક અને રાસાયણિક આપત્તિ<br>(D) જ્વાળામુખીનું ફાટવું | **(C)** ઔદ્યોગિક અને રાસાયણિક આપત્તિ |